# પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય

## આણંદ કૃષિ યુનિવર્સિટી,

## આણંદ- ૩૮૮૦૦૧

**વેટરનરી ગાયનેકોલોજી વિભાગ દ્વારા 'પ્રોડકટીવિટી એનહાન્સમેન્ટ થ્રુ ઓગમેન્ટિંગ રીપ્રોડકટીવ એફિસિયન્સી ઓફ લાઈવસ્ટોક ફોર સસ્ટેઇનેબલ રૂરલ ઈકોનોમી' નો યોજાનાર આંતરરાષ્ટ્રીય કક્ષાનો પરિસંવાદ**

આણંદ કૃષિ યુનિવર્સિટી સંલગ્ન પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય ખાતે પશુ પ્રજનનશાસ્ત્ર (વેટરનરી ગાયનેકોલોજી) વિભાગ દ્વારા ઇન્ડિયન સોસાયટી ફોર સ્ટડી ઓફ એનિમલ રીપ્રોડકશનનાં ચોત્રીસમા  વાર્ષિક અધિવેશન એવં "પ્રોડકટીવિટી એનહાન્સમેન્ટ થ્રુ ઓગમેન્ટિંગ રીપ્રોડકટીવ એફિસિયન્સી ઓફ લાઈવસ્ટોક ફોર સસ્ટેઇનેબલ રૂરલ ઈકોનોમી" વિષય ઉપર પશુઓની પ્રજનન ક્ષમતા વધારીને ગ્રામીણ પશુપાલકોનાં પશુઓની ઉત્પાદકતા વધારવા માટેનો આંતરરાષ્ટ્રીય કક્ષાનો પરિસંવાદ તા.૨૮/૧૨/૨૦૧૮ થી ૩૦/૧૨/૨૦૧૮ દરમ્યાન યોજાનાર છે. જેનો ઉદઘાટન સમારોહ બં.અ. કૃષિ મહાવિદ્યાલયનાં સભાગૃહમાં યોજાનાર છે. પરિસંવાદનાં પ્રમુખ સ્થાને આણંદ કૃષિ યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી ડો. એન.સી. પટેલ બિરાજમાન થવાનાં છે. જેનાં મુખ્ય અતિથિ વિશેષશ્રી તરીકે નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ, આણંદનાં અધ્યક્ષ શ્રી દિલીપ રથ પધારવાનાં છે જ્યારે અન્ય અતિથિ વિશેષશ્રીઓ તરીકે પ્રો.(ડો.) જે.કે. જેના, ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ (ફિશરીઝ એન્ડ એનિમલ સાયન્સ), ઇન્ડિયન કાઉન્સીલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ, ન્યુ દિલ્હી; ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન, આણંદનાં મેનેજીંગ ડાયરેક્ટર, શ્રી આર.એસ. સોઢી; ગુજરાત રાજ્યનાં પશુપાલન નિયામકશ્રી ડો. એ.જે. કાછિયા પટેલ; ઇન્ડિયન સોસાયટી ફોર સ્ટડી ઓફ એનિમલ રીપ્રોડકશનનાં પ્રમુખશ્રી ડો. વી.ચંદ્રશેખર મુર્તિ તથા જનરલ સેક્રેટરીશ્રી, ડો. શિવ પ્રસાદ, પધારવાના છે. પરિસંવાદનું માર્ગદર્શન અને આયોજન ડો. કે.બી. કથીરિયા, સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ અને ડો. એ.એમ. ઠાકર, ડીનશ્રી, વેટરનરી કોલેજ, આકૃયુ, આણંદની રાહબરી હેઠળ થનાર છે. જેને સફળ બનાવવા માટે પશુ પ્રજનનશાસ્ત્રનાં પ્રાધ્યાપક અને વડા, અને ઓર્ગેનાઇઝિંગ સેક્રેટરી, ડો. એ.જે. ધામી, કો- ઓર્ગેનાઇઝિંગ સેક્રેટરી ડો. ડી.એમ. પટેલ તથા ડો. એમ.ટી. પંચાલ અને મહાવિદ્યાલયનાં સઘળાં અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ અથાગ જહેમત ઉઠાવી રહેલ છે. જેમાં દેશ-વિદેશમાંથી અંદાજે ૫૦૦ પશુ પ્રજનનશાસ્ત્રનાં વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહી પશુ પ્રજનન ક્ષમતા વધારી ગ્રામીણ પશુપાલકોની આવક વધારવા માટેનાં સંશોધનો રજૂ કરી તેનાં ઉપર વિસ્તૃત ચર્ચાઓ કરશે.